આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૯૮ | ૨૮ સપ્ટેમ્બર, ૨૦૧૩, શનિવાર; ભાદરવા વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

જે છે તેનો આનંદ લેવો હોય તો જે નથી તેની ચિંતા છોડી દો
- રજનીશ

# વરસાદી માહોલને પગલે રોગચાળાની દહેશત

**કલોલ નગરપાલિકાને નોટીસ અપાઈ; તંત્ર દ્વારા તબીબી અધિકારીઓને સ્થિતિ પર ચાંપતી નજર રાખવા માટે કડક તાકીદ : સરપંચોને પત્ર પાઠવી કલોરીનેશન નિયમિત કરવા જણાવાયું : આ વર્ષે મેલેરિયાના કેસો ઘટયા પણ વાઈરલ, ડેનગ્યુ અને ચિકનગુનિયાના કેસ વધ્યા**

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર જિલ્લામાં ચોમાસાના અંતિ ચરણમાં છવાયેલા વરસાદી માહોલનો પગલે સમગ્ર જિલ્લામાં રોગચાળાનો ભય ઉભો થયો છે. જો કે તંત્ર એ ચોમાસા દરમિયાન પાણી જન્ય અને વાહકજન્ય રોગચાળા માટે સંવેદનશીલ ગણાતા વિસ્તારોમાં નવેસરથી સર્વેલન્સ શરુ કરી આગામી દિવસોથી વ્યુહરચના તૈયાર કરવાની કવાયત હાથ ધરી છે.

મળતી વિગતો પ્રમાણે કલોલ નગરપાલિકા વિસ્તારમાંથી મળેલા કમળાના કેસોને ધ્યાને રાખી નગરપાલિકાને નોટીસ આપી છે એટલું જ નહિ કલોરીનેશન માટે પુરતી કાળજી લેવાય તે માટે તાકીદ કરી છે. આરોગ્ય તંત્ર એ પાણીના લિકેજીસ શોધી અને તાત્કાલિક રીપેરીંગ કરાવા માટેની સૂચનાઓ પણ આપી છે.

ચોમાસાના અંતિમ ચરણમાં જે રીતે વરસાદી માહોલ છવાયો છે તેને લઈ આરોગ્ય તંત્ર ચિંતીત બન્યું છે. જિલ્લામાં વાહકજન્ય અને પાણીજન્ય રોગચાળો વકરે નહિ તે માટે પાણી પહેલાં જ પાળ બાંધી તમામ તબીબી અધિકારીઓને પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા માટે જણાવ્યું છે.

વાહકજન્ય રોગચાળા માટે વરસાદ રોકાઈ જાય પછી એન્ટી લારવેલની કામગીરી સઘન રીતે હાથ ધરવામાં આવે તેવી કડક સૂચનાઓ આપી છે. જિલ્લામાં આ વખતે મેલેરિયા તંત્ર એ કરેલી કામગીરીને પગલે મેલેરિયાના કેસો

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરના પાદરે ઈન્દ્રોડામાં દબાણો હટાવાયા



**ઈન્દ્રોડા ગામમાં તંત્ર પોલીસ બંદોબસ્ત સાથે જે.સી.બી. લઈને ત્રાટક્યું**

(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરના ઈન્દ્રોડા ગામમાં આજે સવારથી જ પોલીસ બંદોબસ્ત સાથે જેસીબી લઈને દબાણ ખાતુ દબાણના મકાનો હટાવવામાં લાગી ગયું હતું. અગાઉથી જાણ કર્યા વિના જ ત્રાટકેલા તંત્રએ માલધારીઓના ૨૫ જેટલા આવાસો પર જેસીબી ફેરવી દઈને વરસાદી સીઝનમાંથી ૨૫ પરિવારની છત છીનવી લઈ બેઘર કરી દેતા રોષે ભરાયેલા ગ્રામજનોએ ઉગ્ર રજુઆત કરી હતી જેને પગલે પોલીસે તે પૈકી પાંચની અટકાયત કરી લીધી હતી. બાળકો અને મહિલાઓ પણ તંત્રની આ હરકતથી રઝળી પડ્યા હતા.

નોંધનીય બાબત તો એ છે કે ઘરમાંથી માલસામાન તો ઠીક પરંતુ અનાજના કોથળા પણ કાઢવા દેવાનો સમય ન આપીને જેસીબી ફેરવી દેવાતા છત વિહોણા બનેલા પરિવારને જમવાના પણ ફાંફા પડ્યા છે.

સુપ્રિમ કોર્ટની ગાઈડલાઈન મુજબ ચૂંટણીની તારીખ જાહેર થયાથી તેનું પરિણામ આવે ત્યાં સુધી અને ચોમાસુ બેસે ત્યારથી વરસાદી દિવસો બંધ ન થાય ત્યાં સુધી કોઈપણ વ્યક્તિની છત છીનવી શકાય નહી. પરંતુ આજે ગાંધીનગર નજીકના ઈન્દ્રોડા ગામમાં દબાણમાં આવેલી માલધારી વસાહત પર ચાલુ વરસાદે જ જેસીબી ફેરવી દેવામાં આવ્યું છે. દબાણ તંત્ર પોલીસ સાથે જેસીબી લઈને દબાણ હટાવવા પહોંચી ગયું હતું અને ૨૫ જેટલા આવાસોને જમીનદોસ્ત કરી દઈ પરિવારોને છત વિહોણા કરી દેવામાં આવ્યા હતા. અનાજના કોથળા સહિત માલસમાન પણ લેવાનો સમય ન આપતા વસાહતીઓ રોષે ભરાઈને ઉગ્ર બન્યા હતા. જે પૈકી સે. ૭ પોલીસે પાંચની અટકાયત કરી લીધી હતી.

# અસરગ્રસ્તોને દબાણના નામે દંડ દેવાની નીતિ અયોગ્ય : કોંગ્રેસ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારના રહીશોને પ્રોપર્ટીકાર્ડ નહિ આપી તેમજ ગામતળ પણ નહિ ફાળવી આડેધડ દબાણના નામે ગરીબોને નિશાન બનાવી મકાનો તોડી પાડવાના સત્તાવાળાઓના નિર્ણય સામે કોંગ્રેસના કાઉન્સીલરો શ્રી હસમુખ મકવાણા તેમજ શ્રી શૈલેન્દ્રસિંહ બિહોલાએ આક્રોશ વ્યક્ત કર્યો છે.

આ બે કાઉન્સીલરોએ આજે ઈન્દ્રોડા નજીકના દબાણો દૂર કરવાના નિર્ણયનો વિરોધ કરતાં જણાવ્યું કે ચોમાસાની ઋતુમાં ગરીબોનું છાપરૂ છીનવવાનું પાપ સરકારે કર્યું છે.

તેમણે જણાવ્યુ છે કે ગાંધીનગર શહેર માટે જમીન ગુમાવનાર ખેડૂતોને આકારણી કરી આપવા, ગામતળ વધારવા, પ્રોપર્ટી કાર્ડ આપવાની અસરગ્રસ્તોની માંગણી પરત્વે તંત્રએ ક્યારેય ધ્યાન આપ્યુ જ નથી. તેમણે ગ્રામ્ય વિસ્તારના આ અસરગ્રસ્તોની સ્થિતિ વિશે કોઈ સર્વે પણ કર્યો નથી પણ ખેડૂતોને કાયદા બતાવીને આપવાના થતા લાભોથી વંચિત રાખવાનું કામ અધિકારીઓએ કર્યું છે.

તેમણે એવો પણ આક્ષેપ કર્યો છે કે ગ્રામ્ય વિસ્તારને જ ટાર્ગેટ બનાવી દબાણ હટાવવાની ઝુંબેશ ચલાવાય છે જયારે શહેરી વિસ્તારના સેક્ટરોમાં જે વી.આઈ.પી.ઓએ કરેલા દબાણો તંત્રને દેખાતા નથી.

# ‘રાઈટ ટુ રિજેક્ટ’ લોકશાહીને સક્ષમ બનાવવા ઉત્તમ કદમ છે

**રાજ્યવ્યવસ્થા તંત્ર પર લાંબા ગાળાની અસર થશે : મુખ્યમંત્રીએ સુપ્રીમના નિર્દેશને બ્લોગ મારફતે આવકાર્યો ગુજરાત સરકારે આવું વિધેયક રાજ્યપાલને મોકલ્યુ હતુ**

ગાંધીનગર, તા.૨૭

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ મત નકારવાના અધિકારને દેશની સર્વોચ્ચ અદાલતે જે સમર્થન આપ્યું છે તેને આવકારતા જણાવ્યું છે કે રાઈટ ટુ રિજેક્ટ મતાધિકારને લગતી સુધારણાથી આપણી લોકશાહીને સક્ષમ બનાવવા તરફ વધુ એક ઉત્તમ કદમ બની રહેશે.

મુખ્યમંત્રીએ તેમના બ્લોગમાં જણાવ્યું છે કે ગુજરાત સરકારે આ અંગેનું વિધેયક બનાવીને રાજ્યપાલને મોકલ્યું હતું પરંતુ તેને હજુ સુધી મંજુરી મળી નથી. ત્યારે સર્વોચ્ચ અદાલતે આજે ચૂંટણીમાં મતદારો તમામ ઉમેદવારોને નકારી શકે તે માટે નેગેટીવ વોટીંગનો સામનો કરવા ચૂંટણી પંચને નિર્દેશ આપ્યો તેને પોતાના બ્લોગ દ્વારા આવકાર્યો છે. મુખ્યમંત્રીએ બ્લોગમાં જણાવ્યું છે કે ચૂંટણી મતદારો તમામ ઉમેદવારોને નકારી શકે તે માટે નેગેટીવ વોટીંગના વિકલ્પનો સમાવેશ કરવાનો નિર્દોષ આજે સવારે સુપ્રિમ કોર્ટે ચૂંટણી પંચને આપ્યો છે.

હું આ ચૂકાદાને હૃદયપૂર્વક આવકારૂ છું. મને એ બાબતની ખાતરી છે કે આની આપણા રાજ્યવ્યવસ્થાતંત્ર પર લાંબાગાળાની અસરો થશે અને લોકશાહીને વધુ વાયબ્રન્ટ બનાવવા માટે ચૂંટણી સુધારાની દિશામાં આ એક મજબૂત પગલું છે. મિત્રો, ઘણા લાંબા સમયથી મેં ચૂટણીઓમાં રાઈટ ટુ રિજેક્ટની જોગવાઈ લાગુ કરવા માટે અવાજ ઉઠાવ્યો હતો. તેના વગર આપણા વ્યવસ્થા તંત્રમાં કંઈક ખુટી રહ્યું હોવાનો અહેસાસ થતો હતો. હાલમાં, જો એક બેઠક માટે દસ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા હોય, તો આપણે મતદારોને તે દસ ઉમેદવારીમાંથી કોઈ એક પર પસંદગી ઢોળવા મજબુર કરીએ છીએ. કોર્ટના આ ચૂકાદાથી મતદારો તેમનો રોષ વ્યક્ત કરવા અને એવા તમામ ઉમેદવારોને નકાર આપવા બાબતે વધુ વિકલ્પ મળ્યો છે. હવે મતદારો એવો સંદેશો પાઠવી શકશે કે, અમને ઉમેદવાર કે ઉમેદવારોની પાર્ટી અથવા પાર્ટીની નીતિઓ પસંદ નથી.

# ગ્રામ્ય વિસ્તારમાં પેયજળના અપાતા જથ્થામાં વધારો કરાશે : સોલંકી

ગાંધીનગર, તા. ૨૭

ગ્રામીણ વિસ્તારોમાં માથાદીઠ અપાતા પ્રતિદિન ૪૦ લીટર પાણીના જથ્થામાં વધારો કરી ૫૫ લીટર સુધી લઈ જવાનું લક્ષ્યાંક ૧૨મી પંચવર્ષીય યોજનામાં છે તેમ કેન્દ્રના રાજ્યમંત્રી શ્રી ભરતસિંહ સોલંકીએ આજે જણાવ્યું હતું.

ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે પેયજળ, મ્યુનિ. અને ઔદ્યોગિક વેસ્ટ વોટરની માવજત અને સંચાલન અંગેના રાષ્ટ્રીય સેમિનારના ઉદ્‌ઘાટન સમારોહમાં બોલતાં શ્રી સોલંકીએ જણાવ્યું હતુ કે પીવા માટે વધારે પડતુ ભૂગર્ભ જળ ખેંચવામાં આવે છે. તેના બદલે સપાટી ઉપરના જળ ઉપર ધ્યાન કેન્દ્રીત કરવાનો સૈદ્ધાંતિક નિર્ણય કર્યો છે અને આ માટે યોગ્ય ટેકનોલોજીને વિકસાવવી જ પડશે.

● અનુસંધાન પાન-૭ પર





